**સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed)**
**(તત્કાલીન પીટી.સી.)કોલેજોમાં મેનેજમેન્ટ**
**કવોટાની સીટો ભરવા બાબત**

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા. ગાંધીનગર
12 JUL 2012
નંબર ૩૨૬૪
શાખા

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- પરચ/૧૪૧૨/૭૩૪/ન
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૫/૭ /૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ- ટીસીએમ/૧૪૦૪/૧૧૦૪/ન તા. ૧૧/૫/૨૦૦૫

(૨) નામ.ગુ.હા.કોર્ટના એસ.સી.એ. નં.૫૦૦૧/૨૦૧૨ માં આપેલ તા.૧૦/૫/૨૦૧૨ નો ચૂકાદો.

(૩) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરીનો તા.૨૯/૬/૨૦૧૨ નો પત્ર.

(૪) સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજના સંચાલક મંડળનો તા. ૨૮/૬/૨૦૧૨ નો પત્ર.

ઠરાવઃ-

સંદર્ભ – (૧) સામે જણાવેલ શિક્ષણ વિભાગના તા. ૧૧/૫/૨૦૦૫ ના ઠરાવથી સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં સંસ્થાઓમાં ૧૦ ટકા જગ્યાઓ મેનેજમેન્ટ કવોટાથી અને ૯૦ ટકા જગ્યાઓ સરકારની નીતિ અનુસાર રાજય સરકારે નિયુકત કરેલ કેન્દ્રીય પ્રવેશ સમિતિ ભરી શકે એવી જોગવાઈ કરવામાં આવેલ છે.સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજો સંચાલક મંડળ ધ્વારા પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ અંગેના મુદ્દાઓ બાબતે ના.ગુ.હા.કોર્ટમાં એસ.સી.એ.નં. ૫૦૦૧/૨૦૧૨ થી પીટીશન દાખલ કરેલ હતી જેમાં ના.ગુ.હા.કોર્ટના તા. ૧૦/૫/૨૦૧૨ ના ચૂકાદામાં અપાયેલ આદેશ અન્વયે સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજોના સંચાલક મંડળ સાથે થયેલ બેઠકમાં વિગતવાર ચર્ચાના અંતે એસોસીએશનને મુદ્દા નં.(૧) થી (૪) માં આપેલ સંમતિ મુજબ અને મુદ્દા નં.(૫)માં નામ.સુપ્રિમ કોર્ટના આદેશ અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવે છે..

(૧) સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં સંસ્થાઓમાં હાલ ૧૦ ટકા જગ્યાઓ મેનેજમેન્ટ કવોટાથી ભરવામાં આવે છે તેને બદલે ૧૫ ટકા જગ્યાઓ મેનેજમેન્ટ કવોટાથી ભરવાની રહેશે.

(૨) કેન્દ્રીય પ્રવેશ સમિતિમાં સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજોના સંચાલક મંડળના બે સભ્યો હાલ લેવામાં આવે છે. તેને બદલે ત્રણ સભ્યો લેવાના રહેશે.

(૩) કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા અરજદારો પાસેથી હાલ પ્રવેશ ફોર્મ ઓનલાઈન મેળવવામાં આવે છે. મેડીકલ, એન્જિનીયરીંગ અને અન્ય કોર્ષમાં ઓનલાઈન ફોર્મ ભરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પાસે ઓનલાઈન ફોર્મ ભરવા પૂરતી વ્યવસ્થા ન હોવાના કારણે સંચાલક મંડળ દ્વારા ફીઝીકલ ફોર્મ ભરવા આગ્રહ રાખેલ હતો આ સંજોગોમાં પ્રવેશ કાર્યવાહીમાં વધુ વિલંબ ન થાય તે ધ્યાને લેતા આ વર્ષ પૂરતી ઓનલાઈન અને ફીઝીકલ ફોર્મ સ્વીકારવાના રહેશે

Scanned by CamScanner

(૪) સંચાલક મંડળ દ્વારા બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં અવારનવાર જાહેરાત આપવા રજુઆત કરેલ. દર વર્ષે પ્રવેશ સમિતિ દ્વારા બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે. જે પધ્ધતિ ચાલુ રાખવામાં આવે છે. જરૂર જણાશે તો પ્રવેશ સમિતિ ફરીથી જાહેરાત આપીને ફોર્મ મેળવી ખાલી જગ્યાઓ ભરવા માટે પ્રક્રિયા હાથ ધરશે.

(૫) પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેતી જગ્યાઓ સંસ્થાઓ મારફત ભરવા સંચાલક મંડળની રજુઆત હતી ઉપર મુદ્દા નં.(૪ ) માં જણાવ્યાનુસાર કેન્દ્રીય પ્રવેશ સમિતિ મારફત હાથ ધરેલ પ્રવેશ પ્રક્રિયા પૂરી થયેથી રાજયની કોઈપણ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજમાં ખાલી જગ્યાઓ રહે તો તે ભરવા માટે નામ.સુપ્રિમ કોર્ટના તા.૧૫/૭/૨૦૧૧ ના એસ.એલ.પી. ૨૦૭૧૯/૨૦૧૧ માં આપેલ આદેશ મુજબ કેન્દ્રીય પ્રવેશ સમિતિ નવેસરથી જાહેરાત આપી ફોર્મ મેળવી મેરીટના આધારે યાદી તૈયાર કરી જે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજમાં ખાલી જગ્યાઓ હોય તેમને રાજ્ય સરકારની અનામત નીતિ લક્ષમાં રાખી નામો મોકલી આપશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ,
શિક્ષણ મંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રા.ક.મંત્રીશ્રી શિક્ષણ,(પ્રાથ અને માધ્ય. શિક્ષણ) ના અંગતસચિવશ્રી., સચિવાલય, ગાંધીનગર
પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ડો.જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજય,ગાંધીનગર
ગુજરાત પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજો સંચાલક મંડળ (પ્રા.શિ.નિ.શ્રીની કચેરી મારફત)
નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. સેકટર-૧૨, ગુજરાત રાજય, ગાંધીનગર .
અધ્યક્ષશ્રી ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય,ગાંધીનગર.
પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ સમિતિના સભ્યો(પ્રા.શિ.નિ.શ્રી કચેરી મારફત)
હિસાબ અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
સિલેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner